ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૨૨/ ૯૪
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૨૯/૦૫/૨૦૧૨

//:-પરિપત્ર-://

વિષયઃ- એકમના વિસ્તરણ માટે લગત પ્લોટને કોઈપણ પ્લોટ/શેડ મળી શકે તેમ ન હોય, તેવા કિસ્સાઓમાં કે જ્યા એકમ વસાહતનાં જે રસ્તા ઉપર આવેલુ હોય તે રસ્તા ઉપર એકમની સામેની બાજુએ ઉપલબ્ધ પ્લોટ/શેડ જેનું અંતર હયાત ઉદ્યોગથી ૧૦૦ મીટર કરતા વધુ ન હોય તેવા પ્લોટ/શેડની લગત પ્લોટ/શેડ તરીકે ફાળવણી કરવા બાબત

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંક-જીઆઈડીસી/જ.મે.(વિત/રસુ)પોલીસી/૨૨, તા.૩૧/૧/૨૦૦૬.
(૨) પરિપત્ર ક્રમાંક-જીઆઈડીસી/જ.મે./વિતરણ/પોલીસી/૨૨/૧૧, તા.૨૨/૮/૨૦૦૬.
(૩) પરિપત્ર ક્રમાંક-જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૦૭, તા.૩૧/૫/૨૦૦૮.

નિગમ ધ્વારા લગત પ્લોટ ફાળવણીની નીતિ અંતર્ગત પૂર્ણ વિકસિત વસાહતમાં હરાજી સિવાય હયાત ઉદ્યોગકારોને તેમના ઉદ્યોગના વિસ્તરણ માટે લગત પ્લોટ કે શેડ ફાળવવાની નીતિ અમલમાં છે. પરંતુ, વસાહત જયારે પૂર્ણ વિકસિત હોય ત્યારે ઉદ્યોગકારોને તેમના હયાત ઉદ્યોગના વિસ્તરણ માટે ઔદ્યોગિક પ્લોટ/શેડ લગત તરીકે ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં વસાહતમાં લગત પ્લોટ/શેડની વ્યાખ્યામાં ઉમેરો કરીને એકમનાં વિસ્તરણ માટે એકમ વસાહતનાં જે રસ્તા ઉપર આવેલુ હોય તે રસ્તા ઉપર એકમની સામેની બાજુએ ઉપલબ્ધ પ્લોટ/શેડ જેનું અંતર હયાત ઉદ્યોગથી ૧૦૦ મીટર કરતા વધુ ન હોય તેવા પ્લોટ/શેડની લગત પ્લોટ/શેડ તરીકે ફાળવણી કરવા બાબતને ૪૬૪ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંક. ૧/બોર્ડ/૪૬૫ રજુ કરેલ. જેમાં નિગમની સભા ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૪૦/બોર્ડ/૪૬૫/૨૦૧૨ થી સર્વાનુમતે નીચેની શરતો મુજબ વિસ્તરણની નીતિને મંજૂર કરવાનો ઠરાવ પસાર કરેલ છે.

૧: કોમન બાઉન્ડ્રી ઉપર આવતો હોય તેવા લગત પ્લોટ/શેડની ફાળવણી વખતે ૨૦% રકમ વધારાના પ્રીમીયમ (પ્રવર્તમાન વિતરણ દર) તરીકે હયાત એકમ પાસેથી વસુલ કરવાની રહેશે. જયારે એવા કિસ્સામાં કે જયાં એકમ વસાહતના જે રસ્તા ઉપર આવેલું હોય તે રસ્તા ઉપર એકમની સામેની બાજુએ ઉપલબ્ધ પ્લોટ/શેડ, જેનું અંતર હયાત ઉદ્યોગથી ૧૦૦ મીટર કરતાં વધુ ન હોય તેવા પ્લોટ/શેડની લગત પ્લોટ/શેડ તરીકે ફાળવણી કરતી વખતે વધારાના પ્રીમીયમ (પ્રવર્તમાન વિતરણ દર) પેટે ૨૫% રકમ નિગમે હયાત એકમ પાસેથી વસુલ કરવાની રહેશે.
તેમજ ફાળવણીની એક શરતરૂપે તેમના હયાત એકમના નિગમના તમામ પ્રકારના લહેણાં ભરપાઈ કરેલા હોય તેવા એકમને જ આ લાભ આપવાનો રહેશે.

૨: વિસ્તરણ માટે લગત પ્લોટની માંગણી કરનાર ઔદ્યોગિક એકમ છેલ્લા ત્રણ(૩) વર્ષથી ઉત્પાદનમાં હોવા જોઈએ.

૩: આ બાબતે બે અથવા તેથી વધારે હયાત એકમના ફાળવણીદારો ધ્વારા કોઈ એક જ પ્લોટ/શેડની માંગણી કરવામાં આવે તો આવા કિસ્સાઓમાં માંગણી કરનાર તમામ અરજદારો/ફાળવણીદારો જેઓ લગત પ્લોટ/શેડ મેળવવા માટેની તમામ લાયકાતો પૂર્ણ કરતાં હોય તો તેઓની વચ્ચે આ વિસ્તરણ માટેના પ્લોટ/શેડ મેળવવા માટે હરાજી કરવાની રહેશે. અને તે માટે તેઓને આમંત્રણ આપી બોલાવી માંહોમાંહેની બોલીથી જે ફાળવણીદાર કે અરજદાર પ્લોટ/શેડના તળીયાની કિંમત કરતાં વધુ રકમની બોલી ધ્વારા ઉચ્ચતમ રકમ બોલશે તેને ફાળવણીમાં અગ્રતાક્રમથી ફાળવણી કરવાની રહેશે.

૪: લગત પ્લોટ/શેડની ફાળવણીની નીતિ અંતર્ગત ફાળવણી મેળવવાનો લાભ એકમને તેમના હયાત ઉદ્યોગના વિસ્તરણ માટે ફક્ત એક જ વખત આપવામાં આવશે.

૫: લગત પ્લોટ/શેડની ફાળવણીના કિસ્સામાં જરૂરી તમામ દસ્તાવેજોની ચકાસણી કરી ક્ષેત્રીય કચેરી ધ્વારા સ્વયં સ્પષ્ટ દરખાસ્ત મંજૂરી અર્થે વડી કચેરીને મોકલવાની રહેશે.

૬: આ નીતિ અંતર્ગત પ્રવર્તમાન ઔદ્યોગિક એકમની પ્લોટ કે શેડ માટેની માંગણી ફક્ત ઔદ્યોગિક હેતુના પ્લોટ કે શેડ માટેની હોવી જોઈએ. વાણિજય, રહેણાંક કે અન્ય હેતુના પ્લોટ માટે પ્લોટ/શેડની માંગણી કરી શકશે નહીં.

૭: આ નીતિ અંતર્ગત પ્લોટ કે શેડની માંગણી કરનાર ઔદ્યોગિક એકમે ઉદ્યોગના વિસ્તરણનો વિસ્તૃત કાર્યક્રમ આપવાનો રહેશે. જેને ધ્યાને લઈને ગુણદોષ આધારિત ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે તેમજ ફાળવવામાં આવનાર પ્લોટ કે શેડનો ઉપયોગ બે વર્ષની અંદર કરવાનો રહેશે.

૮: આ નીતિ અંતર્ગત ઔદ્યોગિક એકમે જો તેઓને ફાળવવામાં આવેલ ઔદ્યોગિક એકમનો અનઅધિકૃત વાણિજય કે ઔદ્યોગિક સિવાયનો ઉપયોગ કરેલ હોય કે અન્ય મંજૂર ન થઈ શકે તેવું ગેરકાયદેસર બાંધકામ કે કૃત્ય કરેલ હોય તેઓ લગત પ્લોટની ફાળવણી મેળવવા પાત્રતા ધરાવશે નહી.

૯: આ નીતિ અંતર્ગત પ્લોટ/શેડની ફાળવણી તથા ઔદ્યોગિક એકમને ફાળવેલ પ્લોટ કે શેડના વિસ્તાર જેટલો જ પ્લોટ કે શેડ આ નીતિ અંતર્ગત ફાળવવાનો રહેશે. પરંતુ જો તેમના મૂળ પ્લોટ/શેડના વિસ્તારના કરતાં માંગણીવાળો પ્લોટ/શેડનો વિસ્તાર વધુ હશે તો તે અંગે પ્લોટની સ્થિતિને ધ્યાને લઈને શેડ/પૂરો પ્લોટ કે પ્લોટના ટુકડા કરીને ફાળવવો વગેરે અંગેનો નિર્ણય ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે, જે ફાળવણીદારને બંધનકર્તા રહેશે.

૧૦: કોમન બાઉન્ડ્રી ઉપર આવતો હોય તેવા લગત પ્લોટ/શેડની ફાળવણી જે તે વસાહતના (પ્રવર્તમાન વિતરણ દર) વત્તા ૨૦% વધારાનું પ્રીમીયમ (પ્રવર્તમાન વિતરણ દર) વત્તા લાગુ પડતા મોખરાનો દર વત્તા અન્ય જો કોઈ દર લાગુ પડતો હોય તે દરનો પણ સમાવેશ કરી વસુલ કરવાની રહેશે. જયારે એવા કિસ્સામાં કે જયાં એકમ વસાહતના જે રસ્તા ઉપર આવેલું હોય તે રસ્તા ઉપર એકમની સામેની બાજુએ ઉપલબ્ધ પ્લોટ/શેડ, જેનું અંતર હયાત ઉદ્યોગથી ૧૦૦ મીટર કરતાં વધુ ન હોય તેવા પ્લોટ/શેડની લગત પ્લોટ/શેડ તરીકે ફાળવણી કરતી વખતે વધારાના પ્રીમીયમ (પ્રવર્તમાન વિતરણ દર) પેટે ૨૫% રકમ નિગમે હયાત એકમ પાસેથી વસુલ કરવાની રહેશે. આ રકમ ભરવા માટે કોઈ પણ હપ્તા કરી આપવાના રહેશે નહી.

૧૧: આ નીતિ અંતર્ગત ફાળવેલ પ્લોટ કે શેડને વણવપરાશી પ્લોટ કે શેડ તરીકે અલાયદેથી તબદીલ કરી શકશે નહીં. અને બે વર્ષમાં પ્લોટ કે શેડ બીનવપરાશી રહેશે તો તે ફાળવવામાં આવેલ પ્લોટ/શેડ પરત લેવામાં આવશે, અને તે પેટે ચુકવેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ ફરીથી તેવા ફાળવણીદાર આ નીતિ અંતર્ગત લગત પ્લોટ/શેડ મેળવવા માટે હકકદાર રહેશે નહી.

૧૨: ઉપરાંત આ રીતે ફાળવેલ લગત પ્લોટ/શેડનો ઔદ્યોગિક હેતુથી ઉપયોગ થાય ત્યારથી સાત વર્ષ સુધીના સમયગાળા માટે તેને તબદીલ કરી શકાશે નહી. આ બાબતનું રૂ. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર જરૂરી બાંહેધરી ખત ફાળવણીદાર પાસેથી લેવાનું રહેશે.

૧૩: લગત અંગેની આ નીતિના અમલથી અગાઉની તમામ નીતિને રદ્દ કરવાની રહેશે.

૧૪: હરાજીમાં મુકવામાં આવેલા પ્લોટ/શેડના કિસ્સાઓ પ્રસ્તૃત નીતિ અંતર્ગત ફાળવણી માટે ધ્યાને લેવાશે નહી. પરંતુ કોઈ કિસ્સામાં હરાજીમાં મુકવામાં આવેલ પ્લોટ/શેડની કોઈ કારણથી ફાળવણી ન થવાથી ઉપલબ્ધ હોય તેવા પ્લોટ/શેડના કિસ્સામાં ફાળવણી અંગેની રજુઆત ઉપર નિગમ ગુણદોષ આધારીત નિર્ણય કરશે.

ઉપરોક્ત પરિપત્ર ઉપર નિર્ણયની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે. આથી, આ પ્રકારની દરખાસ્ત વડીકચેરીની મંજૂરીને આધીન અમલમાં ગણાશે. જેની નોંધ તમારા ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીઓએ લઈને તેની જાણ કરતો પત્ર કાર્યપાલક નિયામકશ્રીને પાઠવવાનો રહેશે.

સહી/-

**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ......

**નકલ જય ભારત સહ રવાના:-**

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.........તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો....................તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.)..................તરફ નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ**

**મેનેજર (મહેકમ).**